ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં.૧, બીજા માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર : +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
ઈ-મેઈલ : gscic@gujarat.gov.in **વેબસાઈટ :** www.gic.gujarat.gov.in

<u>તાત્કાલીક</u>

જીઆઇસી/અ-૧૭૩૩-૨૦૨૬/કોર્ટ કેસ યુનિટ
તા.૨૪-૦૮-૨૦૨૬

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
બ્લોક નં.૭/૭,૮,૯ નવા સચિવાલય,
સેકટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

શ્રી હસમુખભાઇ વીરજીભાઇ ધોળકીયા દ્વારા માહિતી અધિકાર અધિનિયમ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજી બાબત. ગુજરાત માહિતી આયોગનો તા.૧૩/૦૮/૨૦૨૬ નો (સુધારા હુકમ) ક્રમાંક: અ-૧૭૩૩-૨૦૨૬.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો ગુજરાત માહિતી આયોગનો તા.૧૩/૦૮/૨૦૨૬ નો અ-૧૭૩૩-૨૦૨૬ (સુધારા હુકમ) ની નકલ આ સાથે સામેલ રાખેલ છે. આ હુકમના પેરા-(૪) અન્વયે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

DS (coord)-KH

ગુજરાત માહિતી આયોગ,

કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,

સેકટર-૧૦-એ, ગાંધીનગર.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.

અપીલ નં-અ-૧૭૩૩-૨૦૨૬ (સુધારા હુકમ)

વિવાદીશ્રી : શ્રી હસમુખભાઇ વીરજીભાઇ ધોળકીયા

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારીશ્રી

આકારણી અને વસુલાત અધિકારીશ્રી (ઉ)
સુરત મહાનગરપાલિકા,
આકારણી અને વસુલાત વિભાગ,
સેન્ટ્રલ ઝોન, મુગલીસરા,
સુરત - ૩૯૫૦૦૩.

(૨) જાહેર માહિતી અધિકારીશ્રી

ડેપ્યુટી ઇજનેરશ્રી,
સુરત મહાનગરપાલિકા,
નોર્થ ઝોન, (કતારગામ), ગજેરા સ્કુલની પાછળ,
રામજીકૃપા, રો-હાઉસની બાજુમાં,
કતારગામ, સુરત – ૩૯૪૧૧૦.

(૩) અપીલ સત્તાધિકારીશ્રી

ઈ.ચા.આસી.મ્યુ.કમિશ્નરશ્રી,
સુરત મહાનગરપાલિકા,
વહીવટી ભવન, સેન્ટ્રલ ઝોન,
મુગલીસરા, સુરત - ૩૯૫૦૦૩.

(૪) અપીલ સત્તાધિકારીશ્રી
કાર્યપાલક ઇજનેરશ્રી
સુરત મહાનગરપાલિકા,
વહીવટી ભવન, નોર્થ ઝોન (કતારગામ),
રામજી કૃપા રો-હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત – ૩૯૫૦૦૪.

તા.૧૩/૦૮/૨૦૨૬

શ્રી નિખિલ ભટ્ટ, રાજ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

સુનાવણી :- તા. ૨૩-૦૬-૨૦૨૬

વિવાદીશ્રી : શ્રી હસમુખભાઇ વીરજીભાઇ ધોળકીયા વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

પ્રતિવિવાદી : (૧) શ્રી અશ્વિન એ. વલાવા, જાહેર માહિતી અધિકારી અને આકારણી અને વસુલાત અધિકારીશ્રી (ઉ), સુરત મહાનગરપાલિકા, આકારણી અને વસુલાત વિભાગ,સેન્ટ્રલ ઝોન, મુગલીસરા, સુરત વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૨) શ્રી સી. એમ. ચૌધરી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઇજનેરશ્રી, સુરત મહાનગરપાલિકા, નોર્થ ઝોન, (કતારગામ), ગજેરા સ્કુલની પાછળ, રામજીકૃપા, રો-હાઉસની બાજુમાં, કતારગામ, સુરત વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૩) શ્રી દેવાંગ ડી. પટેલ, પ્રથમ અપીલ સત્તાધિકારી અને ઈ.ચા.આસી. મ્યુ. કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, વહીવટી ભવન, સેન્ટ્રલ ઝોન, મુગલીસરા, સુરત વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૪) પ્રથમ અપીલ સત્તાધિકારી અને કાર્યપાલક ઇજનેરશ્રી, સુરત હાનગરપાલિકા, વહીવટી ભવન, નોર્થ ઝોન (કતારગામ), રામજી કૃપા રો-હાઉસની બાજુમાં, ગજેરા સ્કુલની પાછળ, કતારગામ, સુરત વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ નથી.

(૨) <u>આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-</u>

ક્રમ	વિગત		તારીખ
(૧)	નમૂના-કની અરજી	:	૧૨-૦૧-૨૦૨૬
(૨)	તબદીલ પત્ર	:	૧૩-૦૧-૨૦૨૬
			૨૭-૦૧-૨૦૨૬
(૩)	જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર	:	૧૧-૦૨-૨૦૨૬
			૦૧-૦૪-૨૦૨૬
			૨૪-૦૪-૨૦૨૬
			૦૭-૦૫-૨૦૨૬
			૨૦-૦૬-૨૦૨૬
(૪)	પ્રથમ અપીલ	:	૧૨-૦૨-૨૦૨૬
(૫)	પ્રથમ અપીલ અધિકારીનો હુકમ	:	૨૪-૦૩-૨૦૨૬

(૬) બીજી અપીલ	:	૦૧-૦૪-૨૦૨૬
(૭) વિવાદીશ્રીની રજૂઆત	:	૦૫-૦૬-૨૦૨૬
(૮) જાહેર માહિતી અધિકારીનો અહેવાલ	:	૨૦-૦૬-૨૦૨૬
(૯) પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ	:	૧૯-૦૬-૨૦૨૬ ૨૦-૦૬-૨૦૨૬

(૪) <u>આયોગ સમક્ષ રજૂ થયેલ અપીલની ટૂંકી વિગતો:-</u>

જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી આપવામાં આવેલ ન હોઇ, તેમજ અપીલ અધિકારીના હુકમનું પણ પાલન કરેલ ન હોઇ, તેવી રજુઆત કરવામાં આવી છે.

(૫) <u>આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-</u>

(૫.૧) આજરોજ આયોગ ખાતે યોજાયેલ સુનાવણીમાં (i) વિવાદીશ્રી, (ii) જાહેર માહિતી અધિકારી અને આકારણી અને વસુલાત અધિકારી શ્રી અશ્વિન એ. વલાવા, (iii) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ઈજનેર શ્રી સી. એમ. ચૌધરી અને (iv) પ્રથમ અપીલ અધિકારીશ્રી અને ઈ.ચા.આસિ.મ્યુ.કમિશનર શ્રી દેવાંગ ડી. પટેલ હાજર રહેલા હતા.

(૫.૨) વિવાદીશ્રીએ સુનાવણીની શરૂઆતમાં તેઓની તારીખ ૧૨/૦૧/૨૦૨૬ની નમૂના-"ક"ની અરજીમાં જે વિષયો અંગે માહિતી માંગેલ હતી તે વિષયો અંગે રજૂઆત ન કરતા અન્ય વિષયો ઉપર લંબાણપૂર્વક રજૂઆતો કરેલ હતી.

(૫.૩) આ અંગે આયોગે વારંવાર સૂચના આપેલ હતી કે, વિવાદીશ્રીએ તેઓની રજૂઆત નમૂના-“ક”માં માંગવામાં આવેલ માહિતી પૂરતી જ સિમિત રાખવી, પરંતુ વિવાદીશ્રી દ્વારા આ બાબત ધ્યાનમાં લેવામાં આવેલ ન હતી. આથી, આયોગે નાછૂટકે વિવાદીશ્રીને આવી રજૂઆતો ન કરવા માટે કડક ચેતવણી આપવી પડેલ. આમ છતાં, વિવાદીશ્રી દ્વારા પોતાની રજૂઆતો ચાલુ રાખેલ હતી.

(૫.૪) આથી નાછૂટકે આયોગે આજની સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને અપીલ સત્તાધિકારીઓને વિવાદીશ્રીને આપવામાં આવેલ માહિતી અંગે પૂછાણ કરવામાં આવેલ હતું.

(૫.૫) વિવાદીશ્રીએ મુદ્દા નંબર-૧માં માંગેલ માહિતી ચોક્કસ માહિતી નથી. કારણ કે, તે સમજી શકાય તેવી માહિતી નથી. આ સંજોગોમાં વિવાદીશ્રીને મુદ્દા નંબર-૧ની કોઈ માહિતી આપવાની રહેતી નથી.

(૫.૬) મુદ્દા નંબર-૨માં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ઈજનેર (નોર્થ ઝોન) કતારગામે જણાવેલ છે કે, વિવાદીશ્રીને તારીખ ૨૦/૦૬/૨૦૨૬ના રોજ માહિતી આપવામાં આવેલ છે. જો કે આ માહિતી થોડાક વિલંબથી આપવામાં આવેલ છે.

(૫.૭) આથી, જાહેર માહિતી અધિકારીશ્રીને ભવિષ્યમાં જ્યારે કોઈપણ વિવાદીશ્રી દ્વારા નમૂના-“ક”ની અરજીથી માહિતી માંગવામાં આવે ત્યારે સમયસર, નિયમાનુસાર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૭માં

નિર્દિષ્ટ કરવામાં આવેલ સમયમર્યાદામાં માહિતી આપવા સૂચના આપવામાં આવે છે.

(૫.૮) મુદ્દા નંબર-૩ અંગે જાહેર માહિતી અધિકારીશ્રીને પૂછતાં વિવાદીશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતીમાં કચેરીના કામના સમયે સરકારી અધિકારીના કાનમાં ઈયરબર્ડસનો ઉપયોગ, ડ્રેસ કોડ, સારા કપડાં શિષ્ટાચાર, મોબાઇલ ફોન ઉપર પ્રતિબંધ, એ.સી. ચેમ્બરો, બાયોમેટ્રિક હાજરીની વિગતો માંગેલ છે. આ માહિતી મધ્યસ્થ મહેકમ કાર્યાલય અને સુરત મહાનગરપાલિકાના દરેક ઝોનમાં આવેલ ઝોનલ અધિકારીશ્રી અને ઇન્ફર્મેશન સિસ્ટમ ડિપાર્ટમેન્ટ સંબંધિત માહિતી માંગેલ છે. આમ, માંગેલ માહિતી સ્પષ્ટ નથી અને એક કરતાં વધુ જાહેર માહિતી અધિકારીશ્રી સાથે સંબંધિત છે.

(૫.૯) આ અંગે પ્રથમ અપીલ અધિકારીશ્રી/જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવેલ કે, સુરત મહાનગરપાલિકામાં ૬૦ જેટલા વિભાગો આવેલા છે. ડ્રેસ કોડ લાગુ કરવામાં આવેલ છે કે કેમ ? તે અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ કાર્યાલય અને સેન્ટ્રલ સ્ટોર વિભાગ દ્વારા આપવાની રહે. સારા કપડાં અંગેની વિગત મધ્યસ્થ મહેકમ શાખાની માહિતી રહેશે. કર્મચારીઓ દ્વારા શિષ્ટાચાર જાળવવાની બાબત અંગે સુરત મહાનગરપાલિકામાં કાર્યરત ૩૬૧ જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને ૭૭ પ્રથમ અપીલ અધિકારીશ્રીઓ છે. આથી, તેઓ પાસેથી એકત્ર કરીને આ માહિતી આપવાની રહે. જે યોગ્ય નથી. આમ, વિવાદીશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી કોઈ ચોક્કસ

પ્રકારની સ્પષ્ટ માહિતી નથી. આથી, આપવાપાત્ર નથી તેમ આયોગ ઠરાવે છે.

(૫.૧૦) મુદ્દા નંબર-૪ માં વિવાદીશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી વિજિલન્સ વિભાગ અને ઈન્કવાયરી વિભાગ, સાથે સંબંધિત માહિતી છે તેમ ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારીશ્રીઓ જણાવેલ હતું. વિવાદીશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી સ્પષ્ટ નથી તેમ પણ તેઓએ જણાવેલ હતુ. વિવાદીશ્રીએ સ્વામિનારાયણ નગર સોસાયટી વિભાગ-૧ માં કોમ્યુનિટી સેન્ટરમાં વિડિયો-ફોટોગ્રાફી સહિત જે વિગતે તપાસ કરી છે તે અંગે કેટલીક વિગતો માંગેલ છે, પરંતુ સદર તપાસ ક્યારે થયેલ છે ? કોણે કરેલ છે ? કયા મુદ્દે કરેલ છે ? તે બાબતે સ્પષ્ટ વિગતો આપેલ નથી. આમ, કોઈ ચોક્કસ વિગતો વિવાદીશ્રીએ માંગેલ ન હોઈ આપવાપાત્ર નથી તેમ આયોગ ઠરાવે છે.

(૫.૧૧) વધુમાં, વિવાદીશ્રીએ ખેતરાઉ રસ્તા નકશામાં ન હોય પણ વર્ષોથી ચાલતા હોઈ તો રસ્તા બંધ કરી શકાય આ બાબતે જાણકારી માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવેલ હતું કે, સદર કામગીરી ટાઉન પ્લાનિંગ ખાતા દ્વારા કરવામાં આવે છે અને તેઓના દ્વારા જ ટાઉન પ્લાનિંગ સ્કીમ આખરી મંજુર કરવામાં આવે છે. જ્યારે રોડ-રસ્તા બંધ કરવાની કામગીરી સંબંધિત ઝોનના અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકામાં ૯ જેટલા ઝોન આવેલા છે.

(પ.૧૨) આમ, સદર માહિતી વિવાદીશ્રીને આપવા માટે ટાઉન પ્લાનિંગ ખાતું અને ૯ જેટલા ઝોન મળીને ૧૦ જેટલા જાહેર માહિતી અધિકારીશ્રીઓ પાસેથી આ માહિતી એકત્ર કરીને આપવી પડેલ જે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૬(૩) સાથે સુસંગત નથી અને સદર માહિતી માંગતી વખતે વિવાદીશ્રીએ કોઈ સ્પષ્ટ વિગતો પણ જણાવેલ નથી. આ સંજોગોમાં સદર માહિતી આપવાપાત્ર નથી તેમ આયોગ ઠરાવે છે.

(પ.૧૩) મુદ્દા નંબર-૫માં વિવાદીશ્રીએ લાઈટ, ડ્રેનેજ, પાણીની પાઈપલાઈન, રસ્તા, દબાણ, COR, લાઈટના થાંભલા, પાણી, ગટર, ફાયર સેફ્ટી વગેરે અનેક સાથે સંબંધિત માહિતી માંગેલ છે.

(પ.૧૪) જ્યારે સદર માહિતીમાં વિવાદીશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતીમાં કતારગામ ઝોનના લાઈટ ખાતુ, ડ્રેનેજ ખાતુ, હાઈડ્રોલિક ખાતુ, રોડ ડિપાર્ટમેન્ટ ખાતુ, ઝોન કક્ષાએ રોડ ખાતુ, ઝોન કક્ષાએ દબાણ દુર કરતા જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટલ T.DO ઝોન, સેન્ટ્રલ લાઈટ ડિપાર્ટમેન્ટ અને આંતરિક સોસાયટીમાં ઝોનલ કક્ષાએ આવેલ ઈલેક્ટ્રિક ખાતુ, ઝોનલ કક્ષાએ આવેલ ડ્રેનેજ ખાતુ, ફાયર એન્ડ ઈમરજન્સી ડિપાર્ટમેન્ટ આમ અનેક જાહેર માહિતી અધિકારીશ્રીઓ સાથે સંબંધિત વિવાદીશ્રી દ્વારા માહિતી માંગવાંમાં આવેલ છે.

(પ.૧૫) વધુમાં, વિવાદીશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતીમાં ઈમપેક અને R૧૯ કોમ્યુનિટી સેન્ટર અંગે માહિતી માંગેલ છે. સદર માંગેલ માહિતી સ્પષ્ટ નથી. આ સંજોગોમાં માહિતી માંગવાના અધિકારના નિયમ-૨૦૧૦

નીચે સદર માહિતી અસ્પષ્ટ માંગેલ હોઈ અને ચોક્કસ માહિતી માંગેલ ન હોય આપવાપાત્ર નથી.

(૫.૧૬) વધુમાં, સદર મુદ્દામાં વિવાદીશ્રીએ સુરત મહાનગરપાલિકા ઉત્તર ઝોન, કતારગામ સરકારી કચેરીમાંથી દસ્તાવેજો અરજી ગાયબ થાય તો કોની જવાબદારી આવે ? અને તેમની સામે આજદિન સુધી કાર્યવાહી કરેલ હોય તો તેની નકલો માંગેલ છે.

(૫.૧૭) આ અંગે જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવેલ હતું કે, જે તે ઝોનમાં કામ કરતાં ઝોનલ અધિકારીશ્રી આ અંગે માહિતી આપી શકે. આમ, સુરત મહાનગરપાલિકામાં ૯ જેટલા ઝોન આવેલ છે. આ સંજોગોમાં વિવાદીશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતીમાં કયો દસ્તાવેજ/કઈ અરજી ગાયબ થયેલ છે તેની કોઈ સ્પષ્ટ માહિતી માંગેલ નથી. આથી માહિતી આપવાપાત્ર નથી તેમ આયોગ ઠરાવે છે.

(૫.૧૮) તારીખ ૧૯/૦૬/૨૦૨૬ના પ્રથમ અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેર, નોર્થ ઝોન, કતારગામ, સુરત મહાનગરપાલિકાના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે અરજદારશ્રી દ્વારા ૨૦૧૬ થી લઈને અત્યાર સુધીમાં અંદાજિત ૪૫ જેટલી અરજીઓ કરવામાં આવેલ છે જે સ્પષ્ટ હોતી નથી. નમૂના-"ક" માં મોટા ભાગના મુદ્દાઓમાં અરજદારશ્રી કઈ માહિતી મેળવવા માંગે છે તે પણ સ્પષ્ટ થતુ નથી.

(પ.૧૯) વિવાદીશ્રી દ્વારા કરવામાં આવેલ નમૂના-"ક"ની અરજીમાં મોટા ભાગે માહિતી માંગવાના બદલે ફરિયાદો/આક્ષેપો જ કરવામાં આવતા હોય છે અને દરેક મુદ્દામાં આ બાબતનું પુનરાવર્તન થતુ રહે છે. વિવાદીશ્રીની આ પ્રકારની અરજીઓના કારણે જુદા-જુદા ખાતાઓની કામગીરીનું ભારણ બિનજરૂરી રીતે વધે છે.

(પ.૨૦) આમ છતાં, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઈઓ મુજબ વિવાદીશ્રીની નમૂના-"ક"ની અરજીની ભાષામાંથી સાર તારવીને શક્ય તેટલી માહિતી વિવાદીશ્રીને આપવા માટે સુરત મહાનગરપાલિકા હંમેશા પ્રયત્નશીલ રહેલ છે તેમ જણાવેલ છે.

(પ.૨૧) વિવાદીશ્રી દ્વારા એક જ અરજીમાં અનેક જાતના વિભાગો જેવા કે, રોડ, શહેરી વિકાસ, લાઈટ, પાણી, ડ્રેનેજ, વિજિલન્સ, ઈન્કવાયરી, સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેશન, ૯ જેટલા ઝોન વિજિલન્સ ડિપાર્ટમેન્ટ, ઈન્કવાયરી ડિપાર્ટમેન્ટ વગેરે અનેક ડિપાર્ટમેન્ટોને સાંકળતી માહિતી એક જ અરજીમાં એક જ મુદ્દામાં પૂછવામાં આવે છે. જેને લઈને વહીવટી કામગીરીમાં બિનજરૂરી વિક્ષેપ ઉભો થાય છે અને બિનજરૂરી રીતે માનવબળ અને માનવ કલાકો બગડે છે.

(પ.૨૨) આ અંગે આયોગ અત્રે તે બાબત પણ ધ્યાને લીધેલ હતી કે, વિવાદીશ્રીએ અત્યાર સુધીમાં આયોગ ખાતે ૨૧૪ જેટલી બીજી અપીલો દાખલ કરેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	વર્ષ	કરેલ અરજીઓ
૧	૨૦૧૭	૦૧
૨	૨૦૧૮	૧૪
૩	૨૦૧૯	૩૧
૪	૨૦૨૦	૨૧
૫	૨૦૨૧	૨૮
૬	૨૦૨૨	૧૮
૭	૨૦૨૩	૧૦
૮	૨૦૨૪	૩૬
૯	૨૦૨૫	૪૯
૧૦	૨૦૨૬	૦૬
	કુલ	૨૧૪

(૫.૨૩) માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ ભારતના કોઈપણ નાગરિકને માહિતી માંગવાનો અધિકાર છે, પરંતુ સદર અધિકારનો સ્વછંદતાપૂર્વક ઉપયોગ થઈ ન શકે. વિવાદીશ્રી તેમની સોસાયટીના કોમન પ્લોટના પ્રશ્નોના ઉકેલ માટે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના કાયદામાં મળેલ સત્તાનો હથિયાર તરીકે ઉપયોગ ન કરી શકે તેમ આયોગ દ્રઢપણે માને છે.

(૫.૨૪) માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના આમુખમાં હિત ધરાવતા તત્વો વચ્ચે સંવાદિતા લાવવા માટે આમુખમાં જ જોગવાઈ કરવામાં આવી છે.

(૫.૨૫) સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવી જરૂરી છે તેવું જણાવવામાં આવેલ છે. લોકશાહીના આદર્શની સર્વપરિતા તે ભારતના બંધારણનો આત્મા છે, પરંતુ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ નીચે મળેલ સત્તાનો દૂરૂપયોગ કરવાથી જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને પ્રથમ અપીલ અધિકારીશ્રીઓનો પુષ્કળ સમય અને શ્રમ વ્યર્થ જાય છે. કારણ કે, વિવાદીશ્રી દ્વારા મહંદ્દઅંશે નિબંધ સ્વરૂપે માહિતી માંગવામાં આવે છે અને તેમાં કોઈ ચોક્કસ પ્રકારની માહિતી માંગવામાં આવતી નથી.

(૫.૨૬) વધુમાં, વિવાદીશ્રી દ્વારા પુનરાવર્તિત રીતે એકની એક પ્રકારની માહિતી અલગ-અલગ શબ્દ રચનાઓમાં માંગવામાં આવેલ છે જે યોગ્ય નથી.

(૫.૨૭) અગાઉ આયોગ દ્વારા માહિતીની માંગણી કરતી વખતે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૬(૧) મુજબ માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ની કલમ-૩ જોગવાઈઓ અનુસાર લંબાણપૂર્વક અરજી કરવાના બદલે જોઈતી માહિતીની ચોક્કસ વિગતો ટૂંકમાં દર્શાવીને અરજી કરવા માટે અપીલ નંબર-૬૪૨૧-૨૦૨૩ તારીખ ૨૬/૧૨/૨૦૨૪ના હુકમમાં, અપીલ નંબર-૫૦૪૧-૨૦૨૩ તારીખ ૨૬/૧૨/૨૦૨૪ના હુકમમાં જણાવવામાં આવેલ છે.

(૫.૨૮) આયોગે અપીલ નંબર-૬૮૯૧-૨૦૨૨ હુકમ તારીખ ૦૨/૧૧/૨૦૨૩ માં વિવાદીશ્રીને મુદ્દાસર અને સ્પષ્ટ વિગતો માંગવા અને બિનજરૂરી વિગતોનો ઉલ્લેખ ન કરવા સ્પષ્ટ રીતે આદેશો કરવામાં આવેલ હતા.

(૫.૨૯) આયોગે અપીલ નંબર-૫૨૭૮-૨૦૨૨ હુકમ તારીખ ૨૧/૦૪/૨૦૨૩માં સંબંધિત મુદ્દાઓ પુરતી જ રજુઆત કરવા અને બિનજરૂરી રજુઆતોનો ઉલ્લેખ ટાળવા માટેના સ્પષ્ટ હુકમો કરવામાં આવેલ હતા.

(૫.૩૦) આયોગે અપીલ નંબર-૭૨૦૬-૨૦૨૨માં અગાઉ જે માહિતી આપવામાં આવેલ હોઈ તે જ માહિતી વારંવાર માંગીને પુનરાવર્તિત રીતે માહિતી ન માંગવા અને સમગ્ર તંત્રનો સમય વ્યય ન કરવા માટે કાળજી રાખવા માટે હુકમો કરવામાં આવેલ હતા.

(૫.૩૧) અપીલ નંબર-૫૬૫૫-૨૦૨૨ હુકમ તારીખ ૨૮/૦૯/૨૦૨૩માં વિવાદીશ્રીને અધિકારીઓ/કમિશનરશ્રીઓ વિરૂદ્ધ આધારવિહીન આક્ષેપો રજુઆતો ન કરવા માટે આદેશો કરવામાં આવેલ હતા.

(૫.૩૨) અપીલ નંબર-૨૨૮૬-૨૦૨૨ હુકમ તારીખ ૨૦/૧૧/૨૦૨૨માં વિવાદીશ્રીએ માંગેલ માહિતી પ્રશ્નોત્તરી સ્વરૂપે સંકલિત અને સંશોધિત કરવી પડે તેવી હોવાથી અને સ્પષ્ટ રીતે માહિતી માંગેલ ન હોવાથી વિવાદીશ્રીને રેકર્ડ નિરીક્ષણ માટે બોલાવેલ હતા. જેમાં વિવાદીશ્રી હાજર પણ રહેતા ન હતા અને ચોક્કસ સ્પષ્ટતા પણ કરતા ન હોવાથી અને

પુનરાવર્તિત રીતે સમાન મુદ્દે વારંવાર અરજીઓ કરી તંત્રને ગુંચવાડામાં નાંખવાનો પ્રયાસ કરે છે જે યોગ્ય નથી તેમ આયોગે ઠરાવેલ હતું.

(૫.૩૩) અપીલ નંબર-૩૦૯૯-૨૦૨૪, અપીલ નંબર-૩૮૧૮-૨૦૨૪, અપીલ નંબર-૪૪૦૦-૨૦૨૪ અને અપીલ નંબર-૩૪૪૮-૨૦૨૬માં વિવાદીશ્રીને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવેલ હતી કે, વિવાદીશ્રી તેઓની માનસિકતામાં ફેરફાર કરશે નહી તો આયોગને ન છૂટકે તેઓની વિરૂદ્ધ પ્રતિબંધકતા હુકમો કરવાની ફરજ પડશે.

(૫.૩૪) અપીલ નંબર-૩૬૫૮-૨૦૨૫ ના હુકમ તારીખ ૧૭/૦૯/૨૦૨૫માં વિવાદીશ્રીએ માંગેલ માહિતી અન્વયે આયોગે અપીલ નંબર- ૧૭૩૭-૨૦૨૫, અપીલ નંબર-૧૭૪૮-૨૦૨૫, અપીલ નંબર-૧૭૮૯-૨૦૨૫, અપીલ નંબર-૨૩૪૧-૨૦૨૫ માં કરવામાં આવેલ આદેશોને વંચાણે લઇને એકની એક માહિતી પુનઃ માંગવા બદલ અગાઉ આપવામાં આવેલ સુચનાઓનાં અનુસંધાને એકની એક માહિતી વિવાદીશ્રીને પુનઃ આપી શકાય નહીં. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાનો દુરપયોગ ન કરાય.

(૫.૩૫) આમ, વિવાદીશ્રીને વારંવાર આયોગ દ્વારા અલગ-અલગ હુકમો કરી તેઓની માનસિકતા બદલવા માટે અને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની વિભાવના અને કાયદામાં કરવામાં આવેલ જોગવાઈઓને સાથે સુસંગત રીતે નમૂના-"ક"ની અરજી કરવા માટે જણાવેલ હોવા છતાં

વિવાદીશ્રીની માનસિકતામાં કોઈ ફરક પડેલ નથી તેમ આયોગને જણાય છે.

(૫.૩૬) આ સંજોગોમાં આયોગ વિવાદીશ્રીને જણાવે છે કે, વિવાદીશ્રી વર્ષમાં ૫ અરજીઓથી વધુ અરજી કરી શકશે નહી અને સદર ૫ અરજીઓમાં મહત્તમ ૫ મુદ્દાની માહિતી માંગી શકશે. સદર ૫ મુદ્દાની માહિતી ચોક્કસ પ્રકારની માહિતી અને ચોક્કસ સમયગાળાની જ માંગી શકશે. જેથી માહિતી મેળવવાના અધિકારના નિયમો-૨૦૧૦ના નિયમ-૩ નીચે ઘડવામાં આવેલ એનેક્ષર નમૂના-“ક”ના મુદ્દા નંબર-૩ સાથે સુસંગતતા જાળવી શકાય. તે હેતુથી નાછૂટકે અધિનિયમના આમુખમાં જણાવ્યાં અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિધ્ધ કરવાના હેતુસર વિવાદીશ્રી દ્વારા પ્રમાણસર અરજીઓ કરવામાં આવે તેવું ઠરાવવું આયોગને અનિવાર્ય જણાય છે. આથી આયોગ વિવાદીશ્રીને નીચે મુજબ આદેશ કરે છે.

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વિવાદીશ્રી વધુમાં વધુ ૫(પાંચ) અરજીઓ કરી શકાશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓની ચોક્કસ માહિતી જ માંગી શકશે. નિબંધાત્મક ચોક્કસ મુદ્દાવિહ્ન અને લાંબી-લાંબી રજૂઆતો કરી શકાશે નહી.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં. ૧૭૩૩-૨૦૨૬ અને તા.૨૪/૦૬/૨૦૨૬ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર, કુલ ૫(પાંચ) પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક .... છે." આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીશ્રીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

(૪) રાજ્યના તમામ જાહેર સત્તામંડળોના જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદીશ્રી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૫(પાંચ) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૫(પાંચ) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીશ્રીની બીજી અરજી/ફરિયાદ દફતરે કરી તેની વિવાદીશ્રીને આ મુજબ જાણ કરવાની રહેશે.

આ ઉપરાંત, વિવાદીશ્રીની ઉપર મુજબની માહિતી માંગતી અરજી કે તે સંબંધમાં પ્રથમ અપીલ કે બીજી

અપીલ/ફરિયાદ પરત્વે નિર્ણય કરવાનો બાકી હોય તો, તે પરત્વે કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહીં અને પડતર અરજી/અપીલ/ફરિયાદ આયોગ પ્રસ્તુત હુકમની વિગતે દફતરે કરી, તેની વિવાદીશ્રીને જાણ કરવાની રહેશે.

(૫) આયોગના સચિવશ્રીને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

(૬) આયોગ દ્વારા રજિસ્ટ્રારને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, વિવાદીશ્રી દ્વારા રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના"ક"ની અરજીમાં વિવાદીશ્રી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૫(પાંચ) થી વધુ અરજી કરવામાં આવી હોય તો, તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીશ્રીને જાણ કરવાની રહેશે.

(પ.૩૭) જો સદર પ્રમાણપત્ર વિવાદીશ્રી દ્વારા નમૂના-“ક”ની અરજી સાથે બિડાણમાં આવેલ ન હોય તો આવી કોઈ જ અરજી જાહેર માહિતી અધિકારીશ્રીએ કે પ્રથમ અપીલ અધિકારીશ્રીએ ધ્યાને લેવાની રહેશે નહી અને બારોબાર તેનો નિકાલ કરવામાં આવશે.

આ સંજોગોમાં વિવાદીશ્રીની બીજી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(નિખિલ ભટ્ટ)
રાજ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર	પ્રમાણિત કરનાર
કાયદા અધિકારી	નાયબ સચિવ(વતી)
ગુજરાત માહિતી આયોગ	ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર	ગાંધીનગર